પ્રશ્નપત્ર - 2

# SKP SCHOOL - RAJKOT

## વિષય : ગુજરાતી

ધોરણ : 10 | સમય : 3 કલાક | કુલ ગુણ : 80

સૂચનાઓ : (1) આ પ્રશ્નપત્રમાં ચાર વિભાગો આપેલા છે. (2) દરેક વિભાગના 20 ગુણ છે.
(3) દરેક વિભાગમાં સૂચના મુજબ પ્રશ્નો લખવા. (4) પ્રશ્નોના જમણી બાજુના અંક ગુણ દર્શાવે છે.

## વિભાગ – A

**(અ) નીચેનાં જોડકાં યોગ્ય રીતે જોડીને ફરીથી લખો.** [04]

| (A) | (B) |
|---|---|
| 1. ભૂલી ગયા પછી | (અ) ગુણવંત શાહ |
| 2. વાઈરલ ઈન્ફેક્શન | (બ) જોરાવરસિંહ જાદવ |
| 3. વિરલ વિભૂતિ | (ક) સુરેશ જોશી |
| 4. ઘોડીની સ્વામીભકિત | (ડ) આત્માર્પિત અપૂર્વજી |
| | (ઈ) રઘુવીર ચૌધરી |

**(બ) આપેલ વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.** [04]

(5) ડુંગર અને તેની વહુ ............... સ્ટેશને ગાડી પકડવા માંગતા હતા. (વરતેજ, ધોરાજી, રાજપુર)

(6) મહાજને કોઠારમાંથી .............. કાઢી આપવાનું કબૂલ કર્યું. (ધાન, પૈસા, ઘરેણાં)

(7) મનુષ્ય-દેહ ............... જેવો છે. (છાશ, દૂધ, ઘી)

(8) શ્રીમદ્ રાજચંદ્રનો જન્મ ................ ગામમાં થયો હતો. (વવાણિયા, જેતપુર, અગાસ)

**(ક) નીચે આપેલા પ્રશ્નોના એક વાકયમાં ઉત્તર લખો.** [02]

(9) અંકિતની બહેનનું નામ જણાવો.

(10) ગરીબોનું શોષણ કરનાર ચોપડાનો રંગ કેવો હતો ?

**(ડ) નીચે આપેલા પ્રશ્નોના ત્રણ-ચાર વાકયોમાં ઉત્તર લખો. (કોઈ પણ બે)** [04]

(11) સુંદરજી શેઠ વિશે પાંચ વાકયો લખો.

(12) ગાંધીજીનો શ્રીમદ્ સાથેનો આધ્યાત્મિક સંબંધ સમજાવો.

(13) લેખકે વર્ણવેલું હિમાલયનું સૌંદર્ય તમારા શબ્દોમાં લખો.

**(ઈ) નીચે આપેલા પ્રશ્નોના આઠ-દસ વાકયોમાં મુદ્દાસર ઉત્તર લખો. (કોઈ પણ બે)** [06]

(14) 'રેસનો ઘોડો' શીર્ષકની યથાર્થતા ચર્ચો.

(15) મનીષાનું પાત્રાલેખન કરો.

(16) નિજમંદિરમાં ઉભું કરેલું કૃષ્ણજન્મોત્સવનું દશ્ય વર્ણવો.

## વિભાગ – B

**(અ) નીચેનાં જોડકાં યોગ્ય રીતે જોડીને ફરીથી લખો.** [04]

| કૃતિ | પ્રકાર |
|---|---|
| 17. વૈષ્ણવજન | (અ) રાવજી પટેલ |
| 18. વતનથી વિદાય થતાં | (બ) અશોક ચાવડા |
| 19. એક બપોરે | (ક) કલાપી |
| 20. શિકારીને | (ડ) નરસિંહ મહેતા |
| | (ઈ) જયંત પાઠક |

**(બ) આપેલ વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.** [04]

(21) ગુજરાતનો પિંડ-દેહ .................. માંથી બનેલો છે. (ગિરનાર, સોમનાથ, અરવલ્લી)

(22) સૂરને યમુનાના વહેણ ................ લાગે છે. (મૂંગા, શરમાળ, બોલકાં)



www.wingofeducation.com

(23) વેચાઈ ગયેલા ઢોર સતત .................. ની ઝંખના કરે છે. (ખેતર, તળાવ, કોઢાર)

(24) આપણી વ્યથા, અવરને મન રસની .................... (છટા, કથા, મજા)

**(ક) નીચે આપેલા પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો.** **[02]**

(25) મોહમાયા કોને સ્પર્શી શકતાં નથી ?

(26) વહેણના પાણીને કોણ ઝીલે છે ?

**(ડ) નીચે આપેલા પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યોમાં ઉત્તર લખો. (કોઈ પણ બે)** **[04]**

(27) ગુજરાતી વ્યક્તિના શ્વાસોમાં અને પ્રાણોમાં શું રહેલું છે ?

(28) જળમાં કોનું તેજ રેલાઈ રહ્યું છે ?

(29) પક્ષીને પામવા કવિ શું કરવાનું કહે છે ?

**(ઈ) નીચે આપેલા પ્રશ્નોના આઠ-દસ વાક્યોમાં મુદ્દાસર ઉત્તર લખો. (કોઈ પણ બે)** **[06]**

(30) ગ્રામજીવનમાં ખેતર - વાડીનું બપોર વેળાનું ચિત્રાત્મક વર્ણન કરો.

(31) કવિ શિકારીને કઈ શિખામણ આપે છે ?

(32) 'શીલવંત સાધુ' તમે કોને કહેશો તે કાવ્યના આધારે જણાવો.

## વિભાગ – C

● **માગ્યા પ્રમાણે ઉત્તર લખો.** **[20]**

**નીચેના વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરીને જવાબ લખો.**

(33) નીચેના શબ્દોની સાચી જોડણી શોધીને લખો. [01]

ધુઆપુઆ (ધુંઆપુંઆ, ધુઆંપુઆં, ધુંઆપુંઆં)

પરતીકાર (પ્રતીકાર, પ્રતિકાર, પરતિકાર)

(34) આપેલ શબ્દની સાચી સંધિ જોડો [01]

રામ + અયન (રામાયન, રામાયણ, રમાયણ)

(35) આપેલ શબ્દનો સમાસ ઓળખાવો. [01]

નર્મદા (દ્વન્દ્વ સમાસ, દ્વિગુ સમાસ, ઉપપદ સમાસ)

(36) બંને શબ્દના જોડણીભેદે થતો અર્થભેદ જણાવો. [01]

પુર-પૂર

(37) આપેલ વાક્યમાંના અલંકારનો પ્રકાર જણાવો. [01]

આત્મા ઘી જેવો મૂલ્યવાન છે. (ઉપમા અલંકાર, સજીવારોપણ અલંકાર, અનન્વય અલંકાર)

(38) આપેલ શબ્દમાં કયો પ્રત્યય રહેલો છે ? [01]

ધર્મિષ્ઠ (પૂર્વ પ્રત્યય, પર પ્રત્યય, એક પણ પ્રત્યય નહીં)

(39) નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દ શોધીને લખો. [01]

1. લાડ (લડવાદ, હેત, લાડુ)

2. શૃંગ (શિંગડું, મગફળી, શિખર)

(40) આપેલ સંજ્ઞાનો આપેલ વિકલ્પોમાંથી સાચો પ્રકાર લખો. [01]

ધ્રૂસકે (જાતિવાચક સંજ્ઞા, ક્રિયાવાચક સંજ્ઞા, ભાવવાચક સંજ્ઞા)

● **નીચેના પ્રશ્નોના માગ્યા મુજબ જવાબ લખો.**

(41) નીચેના રૂઢિપ્રયોગનો અર્થ આપો. [01]

નવે નેજાં પડવાં.

(42) નીચે આપેલ કહેવતનો અર્થ લખો. [01]

ઊંટે કર્યા ઢેકા તો માણસે કર્યા કાંઠા.

(43) નીચેના શબ્દસમૂહ માટે એક શબ્દ આપો. [01]

શરીરે મોટું પણ અક્કલમાં ઓછું

(44) નીચેના શબ્દનો વિરોધી શબ્દ લખો. [01]

અહંકાર

(45) વિલાસથી ટહુકો કરાયો. - કર્તરિ વાક્યમાં ફેરવો. [01]

(46) નીચેના તળપદા શબ્દનું શિષ્ટ રૂપ જણાવો. [01]
મારગ

(47) નીચેના વાક્યમાંથી વિશેષણ શોધી તેનો પ્રકાર જણાવો. [01]
તે ત્રણ દિવસ અમદાવાદ રોકાયો.

(48) નીચેના વાક્યમાંથી ક્રિયાવિશેષણ શોધીને તેનો પ્રકાર જણાવો. [01]
રાતોરાત આવડી મોટી ઈમારત બની ગઈ તે ખબરેય ન પડે.

(49) આપેલ શબ્દના ધ્વનિ ઘટકો (સ્વર – વ્યંજન) છુટા પાડો. [01]
ભૂમિકા

(50) નીચેના વાક્યની પ્રેરક વાક્ય રચના બનાવો. [01]
બા વાંચતા- લખતાં શીખી.

(51) નીચેની પંક્તિનો છંદ ઓળખાવો. [01]
આકાશે સંધ્યા ખીલતી માથે સાતમ કેરો ચાંદ

(52) આપેલ છંદનું બંધારણ જણાવો. [01]
ચોપાઈ

## વિભાગ – D

**53. નીચે આપેલી પંક્તિઓનો આશરે પંદર વાક્યોમાં અર્થ વિસ્તાર કરો. [04]**

"વિદ્યા પુસ્તકમાં ને પર કબજામાં ધન,
ભીડ પડે કામ ના'વે વિદ્યા ને ધન."

**અથવા**

"ભળીશ નહિ જનોથી, મિત્ર, સ્ત્રી, બાળકોથી,
જીવીશ, બની શકે તો, એકલાં પુસ્તકોથી."

**54. તમારા ગામમાં યોજાયેલ નેત્ર-યજ્ઞ શિબિરનો અહેવાલ આશરે એકસો શબ્દોમાં તૈયાર કરો. [04]**

**55. નીચે આપેલા ગદ્યખંડનો આશરે ત્રીજા ભાગમાં સંક્ષેપ કરી તેને યોગ્ય શીર્ષક આપો. [04]**

આપણા જીવનમાંથી માવજતની માત્રા ઘટતી જાય છે, અને તૈયાર માલ ઓછી મહેનતે મેળવવાની તાલાવેલી વધતી જાય છે. આજ સુધી કોઈ માએ પોતાના દીકરાને વર્ષગાંઠે હોટલમાં જમાડયો સાંભળ્યો છે ? કોઈ સમાજમાં આયા વડે સારાં છોકરાં તૈયાર થયાં છે ? કોઈ હોટલની રસોઈમાં માની રસોઈનો હૂંફાળો સ્વાદ મળ્યો છે ? એમાં ફરક છે માવજતનો આ જમાનામાં જયારે લોકોને ઓછી મહેનતે વધુ પ્રમાણમાં તૈયાર વસ્તુની પ્રાપ્તિ માટે ધસતા જોઉં છુ ત્યારે લાગે છે કે જાણ્યે અજાણ્યે પણ લોકોમાં 'માવજત' ભુલાતી જાય છે. માવજત કરનારમાં પ્રમાણભાન, ધીરજ, હળવે હાથે કામ કરવાની આવડત, ક્ષમતા, સહનશકિત અને સ્નેહ હોવાં જોઈએ. કોઈ પણ ગરીબ માએ જહેમત ઉઠાવી ઉછેરીને ખૂબ ભણાવેલા મોટા દાકતર દીકરાની પાછળ માવજતનો મંતર છે. કોઈ પણ સફળ દાકતરની સફળતા પાછળ માવજતનો ટહુકો છે. કોઈ સફળ પ્રોફેસરના સુંદર વ્યાખ્યાનની છટા પાછળ માવજતનો ધ્વનિ છે. માવજતનો મંતર આ જમાનામાં સૌએ વાગોળવા જેવો, આચરવા જેવો છે. માવજત જીવન અજવાળશે.

**56. ગમે તે એક વિષય પર આપેલા મુદ્દા આધારિત આશરે 250 શબ્દોમાં નિબંધ લખો. [08]**

વસ્તીવિસ્ફોટ-વિશ્વની ગંભીર સમસ્યા

(પ્રસ્તાવના – વસ્તીવધારો થવાનાં કારણો – વસ્તીવધારો શાથી ? – વસ્તીવિસ્ફોટઃ વિશ્વની ગંભીરચિંતા – વસ્તી નિયંત્રણના માર્ગો – વસ્તી શિક્ષણ : એક સચોટ ઉપાય – ઉપસંહાર)

**અથવા**

સમાજમાં કન્યા કેળવણીનું મહત્ત્વ

(પ્રસ્તાવના – કન્યા-કેળવણી દ્વારા સમાજની સુધારણા – વર્તમાન યુગમાં સ્ત્રીની ભૂમિકા – નારી ! પુરુષ સમોવડી – ઉપસંહાર)

**અથવા**

સ્ત્રી-પુરુષ સમાનતા

(પ્રસ્તાવના – સ્ત્રી-પુરુષનો પારસ્પરિક સંબંધ – આપણી લગ્નપ્રથા – પારસ્પરિક સમજૂતી અને સપ્તપદીનો સંબંધસેતુ – જીવનની ધન્ય પળો – પ્રેમ અને હૂંફની પારાશીશી – ઉપસંહાર)



www.wingofeducation.com